તા. ૩૧.૧૨.૨૦૨૩

ગાંધીનગર સમાચાર, પાના નં. ૦૭

# મોટેરાથી ગાંધીનગરના સેક્ટર-૧ સુધી મેટ્રોની કામગીરી અંતિમ તબક્કામા

## લોકોસભાની ચૂંટણી પહેલા મેટ્રો પ્રોયગિક ધોરણે ચાલું કરે તેવી શક્યતા : એપ્રિલમાં મહિના સુધીમાં મોટેરાથી ગિફ્ટ સિટી મેટ્રો શરૂ થઈ શકે છે

ગાંધીનગર, તા.૩૦

ગાંધીનગરમાં આવેલું ગિફ્ટ સિટી અત્યારે ચર્ચા કેન્દ્ર બન્યું છે. દારૂ પરમિટ બાદ ગિફ્ટ સિટી માટે વધુ એક મહત્વના સમાચાર સામે આવ્યા છે. આગામી એપ્રિલમાં મહિના સુધીમાં મોટેરાથી ગિફ્ટ સિટી અને ત્યાંથી સેક્ટર ૧ સુધી મેટ્રો પ્રાયોગિક ધોરણે મેટ્રો શરૂ થાય તેવી પૂરેપૂરી સંભવનાઓ સેવાઈ રહી છે. એક માહિતી મુજબ મોટેરાથી ગાંધીનગરના સેક્ટર ૧સુધી મેટ્રોની કામગીરી અંતિમ તબક્કામાં ચાલી રહી છે. ત્યારે મોટેરાથી ગાંધીનગર સેક્ટર ૧ સુધી લોકોસભાની ચૂંટણી પહેલા મેટ્રો પ્રોયગિક ધોરણે ચાલું કરે તેવી સંપૂર્ણ શક્યતાઓ છે. તો બીજી તરફ વાત કરવામાં આવે તો કાંકરિયા ઈસ્ટ સ્ટેશન પણ બનીને તૈયાર થઈ ગયો છે, હવે તેને ચાલુ કરવા માટે ગ્રીન સિગ્નલની રાહ જોવાઈ રહી છે. અમદાવાદ મેટ્રો કમાઉ દિકરો સાબિત થયો છે. ઓક્ટોમ્બર ૨૦૨૨થી ૨૮ ડિસેમ્બર ૨૦૨૩ સુધીમાં કુલ મુસાફરોની અવર જવરની વાત કરી તો તેનો આંકડો ૨.૫૦ કરોડને પાર થયો છે. જેની આવકની વાત કરીએ તો કુલ ૩૬.૯૭ કરોડની આવક થઈ છે.

ગાંધીનગર મેટ્રો રૂટમાં સ્ટેશનની વાત કરીએ તો કોટેશ્વર રોડ, વિશ્વકર્મા કોલેજ, તપોવન સર્કલ, નર્મદા કેનાલ, કોબા સર્કલ, જુના કોબા, કોબા ગામ, જીએલએલયુ, પીડીઈયુ, ગિફ્ટ સિટી, રાયસણ, રાંદેસણ, ધોળાકૂવા સર્કલ, ઈન્ફોસિટી જેવા અન્ય સ્ટેશનનો સમાવેશ થઈ શકે છે.